# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૧૬–૧૭ રિવાઈઝડ અને સને ૨૦૧૭–૧૮ના ડ્રાફટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રી આર.બી. બારડ, આઈએએસ નું નિવેદન*

જામનગર મહાનગરપાલિકાના મેયરશ્રીનો પદભાર શ્રીમતી પ્રતિભાબેન કનખરા તથા સ્થાયી સમિતિના અધ્યક્ષ સ્થાને આપશ્રી કમલાસિંહ રાજપુત અને ડે. મેયર તરીકે શ્રી ભરતભાઈ મહેતા કાર્યભાર સંભાળી રહયા છે. ત્યારે અધ્યક્ષશ્રી તથા સ્થાયી સમિતિના તમામ સભાસદશ્રી, આપ સહુ મહાનુભાવોનું સ્વાગત છે.

હાલમાં જામનગર મહાનગરપાલિકા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ મહત્વના પ્રોજકેટો અને સેવાઓને કારણે જામનગર શહેર દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક કક્ષાએ ઓળખ મેળવી શકેલ છે. આ ઓળખ જળવાઈ રહે અને હજુ વધુ સારી રીતે જામનગર શહેરને વિશ્વના નકશામાં ફલિત કરી શકીએ તે માટેના અથાગ પ્રયત્ન આયોજનબધ્ધ બજેટમાં પ્રસ્તુત કરેલ છે.

છેલ્લા પાંચ વર્ષમાં જામનગર મહાનગરપાલિકા ધ્વારા માળખાગત સુવિધાઓ પૂરી પાડવા કમરતોડ મહેનત કરી ૮૦૦ કરોડના પ્રોજેકટ પૂર્ણ કરેલ છે. જેમાં અગત્યના કહીં શકાય તેવા દરરોજ પાણી વિતરણની પાણી પૂરવઠા યોજના, ભૂગર્ભ ગટર નેટવર્ક અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, શહેરના મુખ્ય માર્ગો તથા આંતરિક રસ્તાઓ, ઓવરબ્રીજ–અંડરબ્રીજ, એમ્યુઝમેન્ટ અને રી–ક્રીએશનલ પાર્ક, હેરીટેજના કામો, સ્ટ્રીટ લાઈટના કામો, ઈ–ગવર્નનન્સ અને જી.આઈ.એસ. બેઈઝ સર્વે, આવાસ યોજનાના કામો, નંદઘર, વ્યકિતગત શૌચાલય અને જાહેર શૌચાલય, સીટી બસ સેવાના કામો.

જામનગર શહેરની હદ વધતા જામનગર મહાનગરપાલિકા ઉપર નવી હદમાં આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની ડીમાન્ડ દિનપ્રતિદિન વધતી જાય છે. મને જણાવતા આનંદ થાય છે કે, અગત્યની એવી પાયાની પાણીની સુવિધા, સ્ટ્રીટ લાઈટની સુવિધાના કામો ચાલુ વર્ષે જ મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ છે, અને આગામી સમયમાં આ કામો પૂર્ણ કરવા વહીવટી તંત્ર કટીબધ્ધ છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ધ્વારા અનેકવિધ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં વ્યકિતગત શૌચાલય, હૈયાત જાહેર શૌચાલયનુ અપગ્રેડેશન તેમજ શૌચાલયોનું નિર્માણ, મોબાઈલ ટોઈલેટ, ઓપન પોઈન્ટ નાબુદી, વ્હીલબરોઝ અને ડસ્ટબીનની ખરીદી કરવામાં આવેલ છે. તથા યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઉભી કરવા માટે વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટનું તાજેતરમાંજ ખાતમુર્હૂત કરવામાં આવેલ છે. આપણાં શહેરને હજુ વધુ સ્વચ્છ તથા સુઘડ બનાવવાની જરૂરિયાત છે, આ માટે મહાનગરપાલિકા ધ્વારા શહેરને સ્વચ્છ રાખવા અથાગ પ્રયત્નો કરવામાં આવેલ છેજ, અને ભવિષ્યમાં પણ કરવામાં આવશે. પરંતુ શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર સફાઈ સાથે સંકળાયેલ કર્મચારીઓની ન રહેતા શહેરીજનોની પણ બની રહે છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરને સ્વચ્છ બનાવવાના મિશનને ચેલેન્જ રૂપમાં સ્વીકારેલ છે અને આ અંતર્ગત માસ્ટર પ્લાન 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત બનાવી સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે.

શહેરની માળખાગત સુવિધાઓ પૂરી પાડવામા કાર્યક્ષમ અને અસરકારક આયોજન થાય જેથી મહાનગરપાલિકાના માળખાગત સુવિધાઓ પૂરી પાડવાના ખર્ચા ઘટે તેવુ મહાનગરપાલિકાની નાણાંકીય વ્યવસ્થાપન માટે ખુબજ જરૂરી છે.

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં માળખાગત સુવિધાઓ અંતર્ગત નીચે મુજબના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

## ❖ પાણી પૂરવઠા :

શહેરમાં ૧૨૮ ચો.કી.મી.ના વિસ્તારમાં અંદાજીત ૭.૫૦ લાખની વસ્તી છે. નગરજનોને દૈનિક ૧૧૦ થી ૧૨૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો ૧૧ ઓવરહેડ ટાંકી તથા ૧૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો ધ્વારા સરેરાશ માથાદિઠ ૧૨૦ થી ૧૨૫ લીટર પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. નવી હદ વધતા નવા વિસ્તારોને આજ મર્યાદામાં પૂરતો પાણીનો જથ્થો આપવા હાલે આઉટગ્રોથ એરીયામાં ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કાર્ય ચાલુ છે જે કુલ ૧૭૦ કી.મી. પૈકી હાલ સુધીમાં ૬૦ કી.મી. પાઈપ લાઈન નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. અને બાકી રહેતુ કામ પણ આગામી જુલાઈ–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત ચાલુ સાલે આજી–૩ ડેમ આધારિત પાણી પૂરવઠા યોજના અન્વયે ૮૦૦/૭૫૦ એમ.એમ. ડાયાની ૫૧ કી.મી.ની ડી.આઈ. પાઈપ લાઈન, ઈન્ટેક વેલ, પમ્પીંગ મશીનરી વિગેરેનું રૂા. ૭૨ કરોડના ખર્ચે 'અમૃત યોજના' અંતર્ગત કામ હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત અમૃત યોજના અંતર્ગત જ નવા ભળેલા ઢ ીંચડા વુલનમીલ ઝોનમાં ઝોનલ ઈ.એસ.આર. તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ રૂા. ૧૩ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે.

## ❖ ભૂગર્ભ ગટર :

શહેરમાં હાલે ૨૮૦ કી.મી.નું ડ્રેનેજ નેટવર્ક કાર્યરત છે, પ્રતિદિન ૬૦–૬૨ એમ.એલ.ડી. સીવેજ જનરેટ થાય છે. જેના નિકાલ માટે પાંચ પમ્પીંગ સ્ટેશનો અને એક સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. બાકી રહેતા વિસ્તારોમાં સીવેજ કલેકશન પાઈપ લાઈન, હાઉસ કનેકશન નેટવર્ક અને પાઈપ ગટરનું અંદાજીત ૮૦ કી.મી.નું કામ 'અમૃત યોજના' તથા 'નાણાંપંચ યોજના' હેઠળ રૂા. ૭૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે.

## ❖ એલ.ઈ.ડી. બેઈઝ સ્ટ્રીટ લાઈટ :

શહેરમાં ૩૦૦૦૦થી પણ વધુ એલ.ઈ.ડી. બેઈઝ સ્ટ્રીટ લાઈટ ફીટ કરી આપવામાં આવેલ છે. શહેરના ટી.પી. રસ્તાઓ, સૂચિત સોસાયટીઓ, જાહેર સ્થળો તથા નવા હદ વિસ્તારમાં ૧૧૦૦૦થી પણ વધુ એલ.ઈ.ડી. લાઈટ પી.પી.પી. મોડ પર ફીટ કરવામા આવનાર છે.

## ❖ સ્વસ્થ નાગરિક, સ્વસ્થ શહેર :

જામનગર શહેરમાં હાલે ૧૨ આરોગ્યો કેન્દ્રો કાર્યરત છે. નગરજનોને પ્રાથમિક સુવિધાઓ સાથે આરોગ્યલક્ષી ઉત્તમ સેવાઓ પ્રાપ્ત થાય તે માટે આગામી સાલે બે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૫૦–૫૦ બેડની સુવિધા સાથે જગ્યાની ઉપલબ્ધીને આધીન બનાવવાનું આયોજન હાથ ધરવામા આવેલ છે. હાલે આરોગ્ય કેન્દ્રમાં જે દવાખાના ફી લેવામાં આવે છે તે ફી ઓફ ચાર્જ આપવા દરખાસ્ત છે.

## ❖ સ્વચ્છ શહેર, સુંદર શહેર :

'સ્વચ્છ ભારત મિશન'ના સ્વપ્નને પરિપૂર્ણ કરવા ઝીરો વેસ્ટ સીટી અંતર્ગત 'વેસ્ટ ટુ એનર્જી એફીશીયન્ટ પ્લાન્ટ'નું કામ હાથ ધરવામા આવનાર છે. આ ઉપરાંત પીપીપી મોડ ઉપર 'પ્રોડકશન ઓફ પ્યુરીફાઈ બાયોગેસ એન્ડ ઓર્ગેનીક ફર્ટીલાઈઝર બાય ધ યુઝ ઓફ વેસ્ટ'નું કામ હાથ ધરવામા આવનાર છે. ઓપન પોઈન્ટ નાબુદી અને ડોર–ટુ–ડોર ગાર્બેજ કલેકશનનું ૧૦૦% અમલીકરણ નવા ભળેલ હદ વિસ્તાર સહિત કરવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

## ❖ સ્લમ ફ્રી સીટી 'સાચા અર્થમાં ઘરનું ઘર' :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત ૨૦૨૨ આવાસોનું કાર્ય રૂા. ૧૦૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ચાલુ સાલે પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૮૦૫ આવાસનું નિર્માણ રૂા. ૧૧૬ કરોડના ખર્ચે હાથ ધરેલ છે, જે આગામી સાલે પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

## ❖ આપણું જામનગર હરિયાળુ જામનગર :

જામનગર શહેરના ૫.૧૫% ગ્રીન કવરને ૧૦% સુધી લઈ જવા ૫૦૦૦થી પણ વધુ વૃક્ષો વાવવામા આવેલ છે. નાના–મોટા થઈ ૪૦ જેટલા ગાર્ડનો અને ટ્રાફીક આયલેન્ડ અપગ્રેડ કરવામાં આવેલ છે. 'અમૃત યોજના' હેઠળ નવા ૩ ગાર્ડનો સૂચિત થયેલ છે, જે પૈકી હાલે ૧ ગાર્ડનનું કામ રૂા. ૪૩ લાખના ખર્ચે જી.ડી. શાહ સ્કુલ સામે, લાલવાડી ખાતે ચાલુ છે. અને આગામી સાલે નવા બે ગાર્ડનોનું કામ હાથ ધરવામાં આવનાર છે. આગામી સાલે ૫૦૦૦થી પણ વધુ વૃક્ષો વાવવાનું આયોજન હાથ ધરવામા આવેલ છે.

## ❖ રણમલ લેઈક ફ્રન્ટ મસ્ટ વીઝીટ ટુરીસ્ટ સેન્ટર :

જામનગર શહેરની મધ્યમાં આવેલ રણમલ તળાવની કાયાકલ્પ કરતો પ્રોજેકટ એ જામનગર શહેરની મુલાકાતે આવતા ટુરીસ્ટો માટેનું ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત રણમલ તળાવની મધ્યમા આવેલ લાખોટા કોઠાનું હેરીટેજ અને કન્ઝર્વેશન પ્રોજેકટનું કાર્ય રૂા. ૧૭ કરોડના ખર્ચે પૂર્ણ થશે. જેમાં મુખ્યત્વે લાખોટા કોઠા મ્યુઝીયમ, લાઈટ એન્ડ સાઉન્ડ શો આકર્ષણનું કેન્દ્ર રહેશે.

## ❖ સ્માર્ટ રોડ ડેવલપમેન્ટ :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના મુખ્ય માર્ગો, આંતરિક શેરીઓના કામો, નવા ટી.પી. રોડના માર્ગો ના અનેકવિધ કામો પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત આગામી વર્ષમાં પણ રસ્તાના નિર્માણમાં નવીન ટેકનોલોજીના ઉપયોગ સાથે માઈક્રો રીસરફેઈસીંગ ટ્રીટમેન્ટ મેસ્ટટીક, આસ્ફાલ્ટ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ સાથે રોડ રીસરફેઈસીંગ તથા નવા ડામર તથા સી.સી. રોડના કામો કુલ રૂા. ૨૦ કરોડના ખર્ચે હાથ ધરવામા આવનાર છે, ડામર રોડમાં પ્લાસ્ટીક વેસ્ટના ઉપયોગથી એગ્રીગેટની ક્ષમતામા વધારો થાય છે તેમજ પાણીથી થતા નુકશાનને મહદઅંશે અટકાવી શકાય છે. જેમાં સર્વગ્રાહી પ્લાનીંગ સાથે રોડ ડીવાઈડરોમાં મુકવાના થતા હોર્ડીંગ્સ, પ્લાન્ટેશન, ફુટપાથ, વેન્ડર વ્યવસ્થા,પાર્કીંગ વ્યવસ્થા અને રોડ બનાવ્યા પહેલાની સંલગ્ન આંતરિક સુવિધાઓનો સમાવેશ થાય છે.

## ❖ બાળ કલ્યાણ / માતૃ કલ્યાણ / યુવા રોજગાર :

મહિલા અને બાળ વિકાસ યોજના અંતર્ગત બાળ કલ્યાણ અને માતૃ કલ્યાણ યોજનાઓ હાલે અમલમાં છે, ઉકત યોજનાઓનો દરેક બાળકો તેમજ માતાઓને વધુને વધુ લાભ મળે તે માટેનું પૂર્વ આયોજન કરેલ છે. બાળકોને ગરમ અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય તે માટે અક્ષયપાત્ર કેન્દ્રિયકૃત રસોડાનું કાર્ય હાલે ચાલુ હોય જે પણ આગામી સાલે કાર્યાન્વિત કરવામાં આવશે.

નેશ્નલ અર્બન લાઈવ્લી હુડ મિશન અંતર્ગત અત્યાર સુધીમાં ૮૯૦ થી પણ વધુ યુવાનને કૌશલ્ય તાલિમ આપેલ છે તેમજ તાલિમ થકી ૧૩૯ થી પણ વધુ યુવાનોને રોજગાર પ્રાપ્ત થયેલ છે આગામી સાલે પણ આ સ્કીમ અંતર્ગત ૧૦૦૦ યુવાનોને તાલીમ આપવાનું આયોજન છે. આ ઉપરાંત આજ સ્કીમ અંતર્ગત શહેરી ફેરીયાઓની સર્વેની કામગીરી પણ હાથ ધરવામા આવનાર છે. જેથી હોકર્સ ઝોનનું વ્યવસ્થાપન શકય બનશે.

સ્ત્રી શશકિતકરણ અંતર્ગત પણ જામનગર મહાનગરપાલિકા દ્વારા મહિલા સ્વસહાય જુથ તેમજ સખી મંડળો મળી કુલ ૫૦૦થી વધુ મંડળો તથા જૂથોને રૂા. ૧.૧૭ કરોડનું ધિરાણ / સહાય ચૂકવવામાં આવેલ છે. આ ઉપરાંત મુદ્રા લોન અને જૂથ લોન અન્વયે પણ ૨૦૦ જેટલા વ્યકિતઓને સહાય આપવામાં આવેલ છે. આમ, મહિલાઓ અને યુવાઓને રોજગાર આપવા તેમજ પગભર કરવાની કામગીરી કરવામાં આવેલ છે આ કામગીરી ને વધુ વેગ આપવા માટે પણ આયોજન કરેલ છે.

મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ હાલ સુધીમાં ૫૨૪૩ લાભાર્જીઓને લાભ આપવામાં આવેલ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના હેઠળ ૪૮૩૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

## ❖ ડીજીટલ જામનગર :

જામનગર મહાનગરપાલિકા દ્વારા ડીજીટલ ઈન્ડીયાના સ્વપ્નને સાકાર કરવા માટે મોટા ભાગની તમામ સેવાઓ વેબ બેઈઝ અને મોબાઈલ એપ્લીકેશન થકી ઓનલાઈન કરવામાં આવેલ છે. ડીજીટલ પેમેન્ટને વેગ આપવા માટે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૧૯ પી.ઓ.એસ. મશીન મૂકવામાં આવેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે ૧૧૧૦૦ થી પણ વધુ લોકોએ ઓનલાઈન સુવિધાનો લાભ મેળવી રૂા.૩.૩૩ કરોડનું ઓનલાઈન પેમેન્ટ ભરપાઈ કરી રૂા.૪.૧૪ લાખનું ડીસ્કાઉન્ટ મેળવેલ છે. આધુનિક ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો મહતમ ઉપયોગ દ્વારા શહેરનો આર્થિક વિકાસ તથા શહેરી જનોને મ્યુનિસિપલ સેવાઓ ઉચ્ચ ગુણવતા સભર પ્રાપ્ત થાય તે માટે બાકી રહેતા મોડયુલ પણ ત્વરીત પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવનાર છે.

પીપીપી મોડ ઉપર જામનગર શહેર માટે સ્માર્ટ ટ્રાન્જીસ્ટ તથા ફાયબર ઓપ્ટીકલ નેટવર્ક સહિત નું કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ઉભુ કરવાનું આયોજન છે જેનાથી શહેરીજનો કોમન કાર્ડ પેમેન્ટ સીસ્ટમ થી વેબબેઈઝડ તથા મોબાઈલ એપ્લીકેશન દ્વારા શહેરના નાગરિકો સીટી બસ સર્વિસ, મ્યુનિસિપલ સર્વિસીસનું પેમેન્ટ કરી શકશે. શહેરીજનોના સમય અને શ્રમની બચત થશે કોર્પોરેશનના તમામ વિભાગોની સેવાઓની ડીલેવરીમાં પારદર્શકતા આવશે અને સેવાઓ ઝડપથી કાર્યક્ષમ રીતે ઓછા ખર્ચે પુરી પાડી શકાશે.

## ❖ લીગલ કલીનીક :

જામનગર મહાનગરપાલિકા વિસ્તારના શહેરીજનોને કાયદાકીય સલાહ અને માર્ગદર્શન મળી રહે તે હેતુસર મહાનગરપાલિકાના ત્રણ સીવીક સેન્ટર ખાતે સપ્તાહમાં એક દિવસ 'લીગલ કલીનીક' ખોલવાનું આયોજન જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેનો શહેરીજનો અને જામનગર મહાનગરપાલિકાને પણ લાભ પ્રાપ્ત થશે.

## ❖ પ્રાણીઓ પ્રત્યેની કામગીરી :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના ૧૦૦૦૦થી પણ વધુ પશુઓને ટેગ લગાવવાની કામગીરી હાથ ધરવામા આવેલ છે. જે ઝડપથી પૂર્ણ કરી ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરવામા આવશે. આ ઉપરાંત ૫૦૦થી વધુ પશુઓને અલગ–અલગ ગૌશાળાઓમાં સ્થળાંતર કરવામા આવેલ છે. અને આગામી સાલમા વધારાના પશુઓને સ્થળાંતર કરવાનું આયોજન હાથ ધરેલ છે. વધુમા શ્વાનોના વ્યંધત્વીકરણ બાબતની કામગીરી પણ પ્રથમ ફેઈઝમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

## ❖ નવા સમાવિષ્ટ હદ વિસ્તારમાં હાઉસ ટેકસ સર્વે:

જામનગર મહાનગરપાલિકા ધ્વારા નવા ભળેલ હદ વિસ્તારમાં હાઉસ ટેકસ સર્વેની કામગીરી હાથ ધરેલ છે જે પૂર્ણતા ના આરે હોય અને થયેલ સર્વે અન્વયે એસેસમેન્ટ નોટિસ ઈશ્યુ કરવાની કામગીરી પણ સાથો સાથ ચાલુ હોય એસેસમેન્ટ નોટિસ અને તેના વાંધા સૂચનોના ત્વરીત નિકાલ માટેનું સુનિશ્ચિત માળખુ તૈયાર કરેલ હોય જે તમામ પ્રક્રિયા પૂર્ણ કરી આગામી સાલે તમામ મિલ્કતોનો હાઉસ ટેકસ મહાનગરપાલિકાને પ્રાપ્ત થશે.

## ❖ રીબેટ/વ્યાજ માફી:

જામનગર મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ ટેકસ ભરનાર આસામીઓને આપવામાં આવતા રીબેટની કેટેગરીમાં વધારો કરતા આગામી સાલથી ચેરીટેબલ ટ્રસ્ટ (હોસ્પિટલો)ને વધારાના ૫%નું રીબેટ. આ ઉપરાંત ડીજીટલ પેમેન્ટ ને પ્રોત્સાહન ભાગરૂપે ઓનલાઈન ટેકસ ભરનારને ૨% ડીસ્કાઉન્ટ

ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરા અને પાણી ચાર્જમાં ૬% વ્યાજ માફી તથા રેન્ટ બેઈઝ મિલ્કત વેરા અને પાણી ચાર્જમાં ૧૦૦% વ્યાજમાફીની મુદતમાં વધારો

આ ઉપરાંત આગામી સાલથી વ્યવસાય વેરા વ્યાજમાં પણ ૬% વ્યાજ માફી આપવા દરખાસ્ત થાય છે.

## ❖ વેરાઓનું વળતર વિકાસ સ્વરૂપેઃ

આપ સૌ જાણો છો કે, શહેરના વિકાસમાં વેરાઓની આવકનો મોટો ફાળો હોય છે. જામનગર મહાનગરપાલિકામાં છેલ્લા ઘણા લાંબા સમયથી જુના–નવા મિલ્કતવેરા તથા પાણી ચાર્જની મોટા પ્રમાણમાં વસુલાત બાકી રોકાયેલ છે. આવી બાકી વસુલાતનું વોર્ડવાઈઝ લીસ્ટ બજેટમાં પરિશિષ્ટ સ્વરૂપે રજૂ કરેલ છે.

આપ સૌ સભાસદો આપના વોર્ડમાં શહેરીજનોને વેરાઓની ચૂકવણી બાબતે જાગૃત કરી વોર્ડમાં રોકાતી બાકી રકમની વસુલાત સઘન બનાવવા જરૂરી પ્રયત્નો હાથ ધરશો. જેથી આપના વોર્ડમાં પણ મોટા પ્રમાણમાં વિકાસના કામો હાથ ધરી શકાય તેમજ વોર્ડમાં શહેરીજનોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

**આમ, આગામી વર્ષમાં કુલ રૂા. ૩૩૦.૭૨ કરોડના કામો કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબધ્ધ છે.**

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૬–૧૭ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૧૭–૧૮ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર " અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

## વિભાગ – અ

## *<u>સને. ૨૦૧૬–૧૭નું રીવાઈઝડ અંદાજપત્ર</u>*

સને.૨૦૧૬–૧૭નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા રેવન્યુ / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી રેવન્યુ / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૧૬–૧૭ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

- **વર્ષ ૨૦૧૬–૧૭ના રીવાઈઝડ અંદાજ તરફ :**

**પત્રક – "અ"**

*(આંકડા કરોડમાં)*

| *વિગત* | *સને. ૨૦૧૬–૧૭ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૬–૧૭ રીવાઈઝડ અંદાજ* |
|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૦૪.૯૯** | **૭૩.૮૬** |
| (૧) રેવન્યુ આવક | ૨૨૧.૭૦ | ૨૧૭.૧૮ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૪.૯૮ | ૨૭.૦૦ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૪૬૨.૮૦ | ૨૫૫.૬૬ |
| (૪) અનામત આવક | ૪૪.૪૦ | ૬૭.૯૫ |
| (૫) એડવાન્સ આવક | ૧૨.૨૦ | ૨૪.૫૪ |
| **કુલ આવક** | **૭૬૬.૦૮** | **૫૯૨.૩૩** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૭૧.૦૭** | **૬૬૬.૧૯** |
| (૧) રેવન્યુ ખર્ચ | ૨૨૪.૧૦ | ૨૧૮.૩૭ |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૨૩.૫૫ | ૧૪.૨૪ |
| (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૪૭૯.૩૦ | ૨૨૭.૦૪ |
| (૪) અનામત ખર્ચ | ૩૭.૮૦ | ૭૦.૩૧ |
| (૫) એડવાન્સ ખર્ચ | ૧૦.૭૦ | ૨૪.૦૩ |
| **કુલ ખર્ચ** | **૭૭૫.૪૫** | **૫૫૩.૯૯** |
| **બંધ પુરાંત** | **૯૫.૬૨** | **૧૧૨.૨૦** |

**પત્રક – "બ"**

| | | |
|---|---|---|
| | | *(આંકડા કરોડમાં)* |
| *બજેટ એકત્રીકરણ* | | |
| *વિગત* | *સને. ૨૦૧૬–૧૭ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૬–૧૭ રીવાઈઝડ અંદાજ* |
| ઉઘડતી પુરાંત | **૧૦૪.૯૯** | **૭૩.૮૬** |
| આવક | **૭૬૬.૦૮** | **૫૯૨.૩૩** |
| **કુલ** | **૮૭૧.૦૭** | **૬૬૬.૧૯** |
| ખર્ચ | **૭૭૫.૪૫** | **૫૫૩.૯૯** |
| **બંધ પુરાંત** | **૯૫.૬૨** | **૧૧૨.૨૦** |

**(૧) ચાલુ સાલના અંદાજો અંગે :**

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૬–૧૭નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૬–૧૭ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૬–૧૭ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) રેવન્યું આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ, (૪) એડવાન્સ આવક અને ખર્ચ અને (૫) ડીપોઝીટ આવક અને ખર્ચ બજેટનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૧૭–૧૮ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૬–૧૭ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

## આવક :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓકટ્રોય વળતર ગ્રાન્ટ | ૩૩.૩૧ | ૩૩.૩૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૦.૭૫ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૨૫ |
| (૩) | વાહન કર. | ૦.૨૦ | ૦.૧૦ | ૦.૦૦ | ૦.૧૦ |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૨૦.૦૦ | ૩.૨૫ | ૦.૦૦ | ૧૬.૭૫ |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૨૨.૧૦ | ૨૪.૬૦ | ૨.૫૦ | ૦.૦૦ |
| (૭) | પ્રોપર્ટી ટેક્સ ઓન મોબાઈલ ટાવર | ૦.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ |
| (૮) | મિલ્કત વેરો (અન્ય) | ૭.૦૮ | ૧૩.૮૩ | ૬.૭૫ | ૦.૦૦ |
| (૯) | વ્યવસાય વેરો | ૫.૧૮ | ૫.૫૦ | ૦.૩૨ | ૦.૦૦ |
| (૧૦) | ટાઉન પ્લાનીંગ | ૩૯.૩૯ | ૪૫.૦૫ | ૫.૬૬ | ૦.૦૦ |
| (૧૧) | મીટર વાળી ઉપજ | ૧૩.૦૦ | ૧૧.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ |
| (૧૨) | મીટર વગરની ઉપજ | ૯.૦૦ | ૯.૫૦ | ૦.૫૦ | ૦.૦૦ |
| (૧૩) | વો. વ.અન્ય | ૫.૨૭ | ૫.૩૬ | ૦.૦૯ | ૦.૦૦ |
| (૧૪) | રેવન્યુ ગ્રાંટ | ૩૫.૧૩ | ૩૧.૦૧ | ૦.૦૦ | ૪.૧૨ |
| (૧૫) | અન્ય | ૩૧.૨૯ | ૩૨.૧૭ | ૦.૮૮ | ૦.૦૦ |
| (૧૬) | કેપીટલ સ્વભંડોળ | ૨૪.૯૮ | ૨૭.૦૦ | ૨.૦૨ | ૦.૦૦ |
| (૧૭) | કેપીટલ લોન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૮) | કેપીટલ ગ્રાન્ટ | ૪૬૨.૮૦ | ૨૫૫.૬૬ | ૦.૦૦ | ૨૦૭.૧૪ |
| (૧૯) | અનામત | ૪૪.૪૦ | ૬૭.૯૫ | ૨૩.૫૫ | ૦.૦૦ |
| (૨૦) | એડવાન્સ | ૧૨.૨૦ | ૨૪.૫૪ | ૧૨.૩૪ | ૦.૦૦ |
| | **કુલ** | **૭૬૬.૦૮** | **૫૯૨.૩૩** | **૫૬.૬૧** | **૨૩૦.૩૬** |

## ખર્ચ :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૨૩.૪૩ | ૧૧૦.૮૨ | | ૧૨.૬૧ |
| (૨) | વહીવટી ખર્ચ | ૩.૨૯ | ૩.૮૩ | ૦.૫૪ | |
| (૩) | મરામત અને નિભાવણી | ૩૮.૫૨ | ૪૩.૩૯ | ૪.૮૭ | |
| (૪) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૧.૨૮ | ૧.૧૬ | | ૦.૧૨ |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૨.૦૪ | ૧.૯૯ | | ૦.૦૫ |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૭.૬૫ | ૮.૮૦ | ૧.૧૫ | |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૨.૧૦ | ૧૦.૨૦ | | ૧.૯૦ |
| (૮) | રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ | ૨૭.૨૦ | ૨૭.૩૨ | ૦.૧૨ | |
| (૯) | અન્ય ખર્ચ | ૧.૯૨ | ૬.૮૧ | ૪.૮૯ | |
| (૧૦) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૨૩.૫૫ | ૧૪.૨૪ | | ૯.૩૧ |
| (૧૧) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૪૭૯.૩૦ | ૨૨૭.૦૪ | | ૨૫૨.૨૬ |
| (૧૨) | કેપીટલ લોન | ૦.૦૦ | ૦.૦૦ | | ૦.૦૦ |
| (૧૩) | એડવાન્સ | ૧૦.૭૦ | ૨૪.૦૩ | ૧૩.૩૩ | |
| (૧૪) | ડીપોઝીટ | ૩૭.૮૦ | ૭૦.૩૧ | ૩૨.૫૧ | |
| (૧૫) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૬.૬૭ | ૪.૦૫ | | ૨.૬૨ |
| | **કુલ** | **૭૭૫.૪૫** | **૫૫૩.૯૯** | **૫૭.૪૧** | **૨૭૮.૮૭** |

(૨) રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :

(૧) **<u>પ્રોપર્ટી ટેકસ. ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૪૯.૧૮** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કુલ આવક રૂા. **૨૫.૬૧** કરોડની થયેલ છે. પ્રોપર્ટી ટેકસનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ અને સરકારી મિલ્કતોના બાકી રહેતા ટેકસ ધ્યાને રાખતા તા. ૧–૧૨–૧૬ થી ૩૧–૩–૧૭ની અંદાજીત આવક રૂા. **૧૮.૦૮** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૬–૧૭નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૪૩.૬૯** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **<u>વ્યવસાય વેરો. ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૫.૧૮** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કુલ આવક રૂા. **૩.૬૮** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૧–૧૨–૧૬ થી ૩૧–૩–૧૭ની અંદાજીત આવક રૂા. **૨.૦૨** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૬–૧૭નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૫.૭૦** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **<u>ટાઉન પ્લાનીંગ . ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૩૯.૩૯** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કુલ આવક રૂા. **૧૨.૭૨** કરોડની થયેલ છે. નવા જી.ડી.સી.આર. સરકારશ્રીની મંજૂરી હેઠળ હોય હવે પછીના સમયમાં મંજૂરીની અપેક્ષાએ તા.૧–૧૨–૧૬ થી ૩૧–૩–૧૭ની અંદાજીત આવક રૂા. **૩૨.૩૩** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૬–૧૭નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૪૫.૦૫** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ.::–</u>**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૬ સુધીમાં રૂા. **૬૮.૨૯** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ રૂા. **૧૨૩.૪૩** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ બજેટમાં રૂા.**૧૧૦.૮૨** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. આમ, અંદાજમાં **૧૨.૬૧** કરોડનો ઘટાડો સૂચવવામાં આવેલ છે.

(૫) **<u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>**

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન અને ટી.પી.સ્કીમની જમીન વેચાણની આવક રૂા.**૨૦.૦૦** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં રૂા. **૧૪.૧૯** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ રૂા. **૨૦.૦૦** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) **કેપીટલ ગ્રાંટ. ::–**

સને. ૨૦૧૬–૧૭માં કેપીટલ ગ્રાન્ટ આવક રૂા. **૪૬૨.૮૦** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં ગ્રાન્ટ ના હેડે રૂા. **૧૮૩.૬૭** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ રૂા. **૨૫૫.૬૬** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૬ સુધીમાં કુલ રેવન્યુ ખર્ચ રૂા. **૧૧૩.૪૭** કરોડનું થયેલ છે અને ૨૦૧૬–૧૭ નુ રીવાઈઝડ બજેટ મુજબ કુલ રેવન્યુ ખર્ચ રૂા. **૨૧૮.૩૭** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૬ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા.**૧.૯૯** કરોડ થયેલ છે. અને ૨૦૧૬–૧૭ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. **૧૪.૨૪** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૬ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા.**૧૧૧.૩૭** કરોડ થયેલ છે. અને ૨૦૧૬–૧૭ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા. **૨૨૭.૦૪** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

**: વિભાગ – બ :**

## ➢ ***સને. ૨૦૧૭–૧૮નું ડ્રાફટ અંદાજપત્ર***

(આંકડા કરોડમાં)

| ***આવક*** | ***સને. ૨૦૧૭–૧૮ નો અંદાજ*** | ***ખર્ચ*** | ***સને. ૨૦૧૭–૧૮ નો અંદાજ*** |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૧૨.૨૦** | | |
| (૧) રેવન્યુ આવક | | (૧) રેવન્યુ ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૧૭૩.૯૧ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૧૯૬.૯૧ |
| (બ) ગ્રાંટ આવક | ૬૪.૩૨ | (બ) ગ્રાંટ ખર્ચ | ૨૫.૭૪ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૫૨.૧૦ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૨૧.૯૨ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૩૪૭.૫૬ | (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૩૩૦.૭૨ |
| (૪) અનામત આવક | ૫૬.૦૦ | (૪) અનામત ખર્ચ | ૩૯.૫૪ |
| (૫) એડવાન્સ આવક | ૧૩.૪૪ | (૫) એડવાન્સ ખર્ચ | ૧૦.૮૬ |
| **કુલ આવક** | **૭૦૭.૩૩** | **કુલ ખર્ચ** | **૬૨૫.૬૯** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૧૯.૫૩** | **બંધ પુરાંત** | **૧૯૩.૮૪** |

કાયદાની જોગવાઈ અનુસાર બજેટ પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ બજેટ(અંદાજપત્ર) એ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી બજેટ રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી બજેટ ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

## બજેટ દરખાસ્ત સને. ૨૦૧૭–૨૦૧૮ :

સને. ૨૦૧૬–૨૦૧૭નાં રીવાઈઝ બજેટને લક્ષમાં રાખીને સને. ૨૦૧૭–૨૦૧૮નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક રૂા. **૨૩૮.૨૩** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક રૂા. **૧.૦૧** કરોડ ઉમેરતા કુલ રૂા.**૨૩૯.૨૪** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ રૂા. **૨૨૨.૬૫** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા.**૧૬.૫૯** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેકસ આવક | ૪૮.૬૭ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૬૩.૨૨ |
| (૨) | ટેકસ વગરની આવક | ૧૦૫.૦૫ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૫૬.૯૬ |
| (૩) | એજ્યુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક | ૧૦.૨૫ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૫.૦૦ |
| (૪) | ઓકટ્રોય ગ્રાન્ટ આવક | ૩૩.૩૧ | (૪) | વહીવટી ખર્ચ | ૩.૨૮ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૩૧.૦૧ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૩૮.૧૬ |
| (૬) | અન્ય આવક | ૯.૯૪ | (૬) | રેવન્યુ ગ્રાંટ ખર્ચ | ૨૫.૭૪ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૨.૦૪ |
| | | | (૮) | એજ્યુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૯.૨૦ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૦.૮૩ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૧.૧૬ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૨.૩૩ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૪.૭૩ |
| | કુલ..... | ૨૩૮.૨૩ | | કુલ..... | ૨૨૨.૬૫ |

## કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૭–૧૮ ના બજેટમાં કેપીટલ સ્વભંડોળ આવક રૂા. **૫૨.૧૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૨૦.૩૮** કરોડ ઉમેરતા કુલ રૂા. **૭૨.૪૮** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. **૨૧.૯૨** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૫૦.૫૬** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

## કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | રેવન્યુ ફાળો | ૪.૭૩ | ૧ | સામાન્ય વહિવટ | ૧.૧૫ |
| ૨ | જમીન વેચાણ | ૪૦.૦૬ | ૨ | પ્લાનીંગ એન્ડ રેગ્યુલેશન | ૨.૧૫ |
| ૩ | દુકાનનું વેચાણ | ૭.૩૧ | ૩ | પાણી અને ગટર વ્યવસ્થા | ૬.૧૧ |
| | | | ૪ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦.૩૭ |
| | | | ૫ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૫.૮૧ |
| | | | ૬ | શહેરી વનિકરણ | ૦.૬૩ |
| | | | ૭ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૧.૭૦ |
| | | | ૮ | જાહેર શિક્ષણ | ૩.૩૮ |
| | | | ૯ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૦.૬૨ |
| | કુલ | ૫૨.૧૦ | | કુલ | ૨૧.૯૨ |

### કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૭–૧૮ ના બજેટમાં કેપીટલ ગ્રાન્ટ આવક રૂા. **૩૪૭.૫૬** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૪૦.૧૧** કરોડ ઉમેરતા કુલ રૂા. **૩૮૭.૬૭** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા. **૩૩૦.૭૨** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૫૬.૯૫** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

## કેપીટલ ગ્રાન્ટ

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૯૮.૫૫ | **૧૪મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (સડક યોજના) | ૧૦.૦૦ | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૦.૫૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ) | ૮૦.૦૦ | – પાણી પુરવઠા ના કામો | ૬.૮૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (નંદઘર) | ૨.૦૦ | – ભૂગર્ભ ગટર ના કામો | ૪.૩૭ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૧૦.૦૦ | – સોલીડ વેસ્ટને લગત કામો | ૧.૦૦ |
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૨.૫૦ | – ગોબર ગેસ પ્લાન્ટ | ૧.૫૦ |
| અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ | ૪૧.૧૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |
| આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ ગાંટ | ૧૦.૦૦ | – વોટર વર્કસને લગત કામો | ૨૦.૦૦ |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૧.૫૭ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૮.૦૦ |
| જિલ્લા આયોજન મંડળ | ૨.૫૫ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૩૦.૦૦ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ | ૩.૯૦ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૫.૨૫ |
| ગુજરાત ગૌ–સેવા આયોગ બોર્ડ | ૪.૦૦ | – પ્રોજેકટ ને લગત કામો | ૩૦.૦૦ |
| પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ | ૨૮.૮૬ | – સ્લમ ને લગત કામો | ૫.૦૦ |
| મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન | ૫.૦૦ | – સ્ટોર્સ ને લગત કામો | ૦.૩૦ |
| પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ગ્રાંટ | ૦.૩૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)** | ૧૦.૦૦ |
| પ્રધાન મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૪૦.૦૦ | **અમૃત યોજનાની ગ્રાન્ટના કામો** | ૫૧.૩૦ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૭.૦૦ | **પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો** | ૬૩.૨૫ |
| પરચુરણ ગ્રાંટ | ૦.૨૩ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ નંદઘર બનાવવાના કામો** | ૨.૦૦ |
| | | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ઓવરબ્રીજ બનાવવાનું કામ** | ૬૬.૦૦ |
| | | **પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો** | ૦.૩૦ |
| | | **નાઈટ શેલ્ટર બનાવવાનું કામ** | ૦.૫૦ |
| | | **જિલ્લા આયોજન મંડળની ગ્રાંટ હેઠળના કામો** | ૩.૫૯ |
| | | **એનીમલ હોસ્ટેલ બનાવવાનું ખર્ચ** | ૪.૦૦ |
| | | **લોકભાગીદારી યોજના હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતકામો** | ૭.૫૦ |
| | | **ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગત કામો** | ૦.૫૦ |
| | | **આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ભૂગર્ભ ગટર ના કામો** | ૪.૦૦ |
| | | **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** | ૫.૦૦ |
| | | **પરચુરણ ગ્રાંટ સામેના કામો** | ૦.૦૬ |
| **કુલ** | **૩૪૭.૫૬** | **કુલ** | **૩૩૦.૭૨** |

# : કરદરમાં સૂચવેલ વધારો :

જામનગર શહેરની હદ ૩૪ ચો.કીમી.માંથી ૧૨૮ ચો.કીમી.ની થવા પામેલ છે, નવી હદ વધતા જામનગર મહાનગરપાલિકા નવી હદમાં તમામ સુવિધાઓ પૂરી પાડવા અથાગ પ્રયત્ન કરી રહયું છે. કેપીટલ કામો કરવાની જવાબદારી ઉપરાંત મેઈન્ટેનન્સની જવાબદારીનું ભારણ ખુબજ વધવા પામ્યું છે. તાજેતરમાંજ સરકારશ્રી ધ્વારા કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામા આવેલ છે, ઉપરાંત મહાનગરપાલિકા ધ્વારા નવી હદ વિસ્તારમાં પાણી પૂરવઠાના પ્રોજેકટો, સ્ટ્રીટ લાઈટના પ્રોજેકટો હાથ ધરેલ છે. હૈયાત વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના પ્રોજેકટો હાથ ધરેલ છે, આને કારણે વિજ બિલમાં પણ ખાસો એવો વધારો થવા પામેલ છે.

જામનગર મહાનગરપાલિકાના મુખ્ય આવકના સ્ત્રોતમાં મિલ્કત વેરો અને પાણી ચાર્જ આ બેનો જ સમાવેશ થાય છે. હૈયાત કરમાળખા અંતર્ગતની વાર્ષિક ડીમાન્ડ ધ્યાને લેતા આ આવક એ ફરજીયાત કરવા પડતા ખર્ચ સામે નહીંવત છે. વધુમાં છેલ્લા પાંચ વર્ષમાં કરેલ કેપીટલ કામોના મેઈન્ટેનન્સ ખર્ચમાં પણ દિનપ્રતિદિન વધારો થતો જાય છે. છેલ્લા બે વર્ષમાં અછતની પરિસ્થિતિમાં  નર્મદા પાણી ચાર્જમાં રૂા. ૪૧ કરોડથી પણ વધુનું ભારણ મહાનગરપાલિકા ઉપર આવેલ છે. આ ઉપરાંત અછતની પરિસ્થિતિમાં શહેરના દરેક છેવાડે પાણી પહોંચાડવાના ખર્ચમાં પણ અનેકગણો ખર્ચ વહન કરવો પડેલ છે. આવા સંજોગોમાં નાણાંકીય વ્યવસ્થાપન ખુબજ કપરૂ બનતુ જાય છે.

બાકી વેરાઓની સઘન વસુલાત ઝુંબેશ માટે જામનગર મહાનગરપાલિકા કાર્યરત છેજ. આ ઉપરાંત બાકી વેરાઓ અન્વયે વ્યાજ માફી યોજનાઓ પણ અમલમા મૂકેલ છે, અને આ યોજનાઓને સારો એવો પ્રતિસાદ સાંપડેલ છે. અને આગામી સાલમાં પણ આ યોજના ચાલુ રાખવા દરખાસ્ત કરેલ છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિઓ ધ્યાને લેતા અને જે સેવાઓ પાછળ ખુબજ મોટા પ્રમાણમાં ખર્ચ વહન કરતા હોઈએ તેવા ખર્ચાઓમાં કોસ્ટ રીકવરી થવીજ જોઈએ અન્યથા આ સેવાઓ સારી રીતે શહેરીજનોને પૂરી પાડી શકીએ નહીં.

ઉપરોકત તમામ પરિબળો ધ્યાને રાખતા આગામી સાલ ૨૦૧૭–૧૮ માટે નીચે મુજબની વિગતે કરદરમાં વધારો સૂચવેલ છે.

## લઘુતમ મિલ્કત વેરાના દરોમાં વધારો :

મહાનગરપાલિકા ધ્વારા તા. ૧–૪–૨૦૦૬થી ક્ષેત્રફળ આધારિત મિલ્કતવેરા પ્રથા અમલમાં મૂકવામાં આવેલ છે. એટલે કે, ૧૧ વર્ષ થયે લઘુતમ મિલ્કત વેરાના દરો યથાવત છે. આ લઘુતમ મિલ્કત વેરાના દરો સને. ૨૦૦૧ની જંત્રી આધારિત નિયત કરવામાં આવેલ જે આજના સંજોગોમાં સુસંગત ન હોય, જંત્રી મુજબના સુધારા અન્વયેનો લઘુતમ મિલ્કત વેરો નિયત કરવો જરૂરી હોય. લઘુતમ મિલ્કત વેરાના દરમાં વધારો સૂચવેલ છે.

| ક્રમ | પરિબળો, પેટા પરિબળો, મિલ્કતવેરાના દરો અને લઘુતમ મિલ્કતવેરાની વિગતો | | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| ૧ | રહેણાંકની ઈમારતો માટે લઘુત્તમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેકસ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૨૫ ચો.મી. સુધી | રૂા.૨૦૦ | રૂા.૪૦૦ |
| | (૨) | ૨૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | રૂા.૨૫૦ | રૂા.૫૦૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ અને ૫૦ ચો.મી. સુધી | રૂા.૩૦૦ | રૂા.૬૦૦ |
| | (૪) | ૫૦ ચો.મી.થી વધુ | રૂા.૪૦૦ | રૂા.૮૦૦ |
| ૨ | બિનરહેણાંક ઈમારતો માટે લઘુત્તમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેકસ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૧૫ ચો.મી. સુધી | રૂા.૫૦૦ | રૂા.૭૦૦ |
| | (૨) | ૧૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | રૂા.૭૫૦ | રૂા.૯૫૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ | રૂા.૧૦૦૦ | રૂા.૧૨૫૦ |

## સ્થળ પરિબળમાં સુધારો :

ક્ષેત્રફળ આધારિત મિલ્કત વેરાની પધ્ધતિનાં રાજય સરકારશ્રી ધ્વારા જે તે સમયે મંજુર થયેલા નિયમો પૈકી નિયમ–(૨૬)નાં પેટાનિયમ–(૩)માં લાગુ પડતા વિસ્તારોની જમીનની અંદાજિત બજાર કિંમત તથા જે તે વિસ્તારનાં વર્ગને ધ્યાને લઈ સ્થળ પરિબળો નિયત કરવામાં આવેલા છે અને આ નિયત કરવામાં આવેલ સ્થળ પરિબળો અનુસાર અનુસૂચિ–(ક), પ્રકરણ–(૮)નાં નિયમ–૮(ક), નિયમ–૮(ખ), નિયમ–૮(ગ) અને નિયમ–૮(ગ)(ગ)માં દર્શાવેલ સ્થળ પરિબળોનાં ભારાંક નિયત કરવામાં આવેલા છે. પરંતુ, હાલનાં સંજોગોમાં સરકારશ્રીની જંત્રીનાં ભાવ વધવા પામેલ હોય, સ્થળ પરિબળોનાં ભારાંકમાં પણ તેનાં પ્રમાણમાં વધારો કરવો જરૂરી અને આવશ્યક છે. જે હાલની જમીનની અંદાજિત બજાર કિંમત એટલે કે હાલની જંત્રી મુજબનાં ભાવો કોલમ નં.(૬)માં દર્શાવવામાં આવેલ છે. કોલમ નં.(૫)ની જગ્યાએ કોલમ નં.(૬)માં દર્શાવ્યા અનુસારનાં જંત્રી મુજબનાં ભાવો રીવાઈઝ કરી તે મુજબ સ્થળ પરિબળનાં ભારાંકમાં સુધારો કરવાનું સૂચિત કરવામાં આવે છે.

### *નિયમ–૨૬(૩)નું હાલનું અને સુધારા સાથેનું સૂચિત સ્ટેટસ*

| ક્રમ | લોકેશન ઝોન માટેનો કોડ | પ્લાનમાં દર્શાવેલ લોકેશન ઝોનનો કલર કોડ | લોકેશન ઝોનનું નામ | મંજુર થયેલા નિયમો અનુસાર લાગુ પડતા વિસ્તારની જમીનની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (હાલનું સ્ટેટસ) | લાગુ પડતા વિસ્તારની જમીનની હાલની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (સૂચિત સ્ટેટસ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L/1 | ***રેડ કલર*** | સમૃધ્ધ વિસ્તાર (Rich Area) | રૂા.૬૦૦૦ થી વધુ | રૂા.૮૦૦૦ થી વધુ |
| ૨ | L/2 | બ્લ્યુ કલર | સારો વિસ્તાર (Good Area) | રૂા. ૪૦૦૧ થી રૂા.૬૦૦૦ સુધી | રૂા.૬૦૦૧ થી રૂા.૮૦૦૦ સુધી |
| ૩ | L/3 | ગ્રીન કલર | ઉચ્ચો મધ્યમ વિસ્તાર (Upper Middle Area) | રૂા. ૨૦૦૧ થી રૂા.૪૦૦૦ સુધી | રૂા.૪૦૦૧ થી રૂા.૬૦૦૦ સુધી |
| ૪ | L/4 | ઓરેન્જ કલર | મધ્યમ વિસ્તાર (Middle Area) | રૂા.૧૦૦૧ થી રૂા.૨૦૦૦ સુધી | રૂા.૨૦૦૧ થી રૂા.૪૦૦૦ સુધી |
| ૫ | L/5 | યલો કલર | નબળો વિસ્તાર (Poor Area) | રૂા.૧૦૦૦ અને તેનાથી ઓછી | રૂા.૨૦૦૦ અને તેનાથી ઓછી |

## નામ ટ્રાન્સફરના દરો :

જામનગર મહાનગરપાલિકામાં નામ ટ્રાન્સફર ફીના દરો મિલ્કતવેરા આધારિત છે. જયારે અન્ય મહાનગરોમાં નામ ટ્રાન્સફર ફીના દરો મિલ્કતોની દસ્તાવેજની કિંમત આધારિત છે. જે ધ્યાને રાખી નામ ટ્રાન્સફર ફીના દરોમાં સુધારો સૂચવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | છેલ્લા વાર્ષિક મિલ્કત વેરાના એક નામ ટ્રાન્સફર દીઠ (ઈમારતો / મિલ્કતો / ખુલ્લી જમીનો માટે) | ૧૮% (ઓછામાં ઓછી રૂા. ૨૦૦ અને વધુમાં વધુ રૂા. ૨૦૦૦) | રહેઠાણ : દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% (ઓછામાઓછા રૂા. રૂા. ૨૦૦/–)<br>બિનરહેઠાણ : દસ્તાવેજની કિંમતના ૦.૦૫% (ઓછામાં ઓછા રૂા. ૫૦૦) |

## "કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ"માં સૂચિત વધારો :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં ભૂગર્ભ ગટર નેટવર્કનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બાકી રહેતા વિસ્તારોમાં પાઈપ ગટરના કામો પણ ચાલુ છે. ઉપરાંત નવા હદ વિસ્તારોમાં વહન કરવામાં આવતા મેઈન્ટેનન્સ ખર્ચને ધ્યાને લેતા કાયદાકીય રીતે નિયત થયેલ લઘુતમ દર રૂા. ૨૪/– એ આજના સમયે વ્યાજબી જણાતુ ન હોય, "કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ"માં સૂચિત વધારો સૂચવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ | રૂા. ૨૪/–લઘુતમ દર | રહણાંક રૂા. ૪૦૦/– લઘુતમ દર<br>બિન રહેણાંક રૂા. ૮૦૦/– લઘુતમ દર |

## "ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ"માં સૂચિત વધારો :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ રહેણાંક માટે રૂા.૭૦૦/– તથા બિનરહેણાંક માટે રૂા.૧૨૦૦/– વસુલવામાં આવે છે. જામનગર મહાનગરપાલિકાની વર્લ્ડ બેંક સહાયિત ભૂગર્ભ ગટર પ્રોજેકટ યોજના અનુસાર પ્રોજેકટ સસ્ટેનેબીલીટી માટે મહાનગરપાલિકાએ આ અંગેની આવક ઉભી કરવાની રહેતી હોય, ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જમાં સૂચિત વધારો સૂચવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | રેસીડેન્ટ | રૂા. ૭૦૦/– | રૂા. ૧૦૦૦/– |
| (૨) | નોન રેસીડેન્ટ | રૂા. ૧૨૦૦/– | રૂા. ૧૫૦૦/– |

## વોટર ચાર્જીસમાં સૂચિત વધારો :

જામનગર શહેરમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ત્રણ વર્ષ અછતની પરિસ્થિતિનો સામનો કરવો પડેલ છે. આવા સંજોગોમાં શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે નર્મદા આધારિત બનવા પામેલ છે. જેના હિસાબે નર્મદા પાણી ચાર્જમાં ખુબ મોટો ખર્ચ મહાનગરપાલિકાએ વહન કરવો પડેલ છે. આ ઉપરાંત થયેલ હદ વધારાના વિસ્તારોને પણ સ્ટેન્ડ પોસ્ટ ટાંકી ધ્વારા પાણી વિતરણ, ટેન્કર ધ્વારા પાણી વિતરણમાં પણ ખાસ્સો એવો ખર્ચ છેલ્લા બે વર્ષમાં મહાનગરપાલિકાએ વહન કરેલ છે. અને હજુ આગામી સમયમાં પણ નવા હદ વિસ્તારમાં પાણી પહોંચાડવાની જવાબદારી મહાનગરપાલિકાના શીરે છે. ફિલ્ટર પ્લાન્ટના વિજ બિલમાં પણ ખાસ્સો એવો વધારો થયેલ છે, આજના સમયે જામનગર મહાનગરપાલિકાના સ્ત્રોતમાંથી આપવામાં આવતુ પાણી રૂા. ૫.૧૫ પ્રતિ કિલો લીટર પડે છે. જયારે નર્મદાનું પાણી રેગ્યુલર રૂા ૭/– પ્રતિ કિલો લીટર પડે છે. જેની સામે વસુલવામા આવતો પાણી ચાર્જ રૂા. ૩.૦૫ જેટલો હોય, ઉકત ચાર્જમાં વધારો કરવો જરૂરી જણાય છે.

| ક્રમ | કર–દર–ચાર્જીસનું નામ | હાલના કર દર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | નિયત થયેલી કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (બી) | **મીટર વગરના કનેકશનો માટે પાણી દર :–** | | | |
| ૧ | મ્યુનિ. હદમાં ઘર વપરાશમાં, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન લેવાનું રહેશે. જે હાઈરાઈઝ અને લોરાઈઝ બિલ્ડીંગમાં હયાત કનેકશનો હોય તેને મીટર કનેકશનમાં કન્વર્ટ કરવાના રહેશે. જુના ફીક્સ કનેકશનો મીટરમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | રૂા. ૯૦૦ | રૂા. ૧૨૦૦ | $RT_1$ to $RT_5$ |
| ૨ | મ્યુની. હદમાં આવેલ માન્ય સ્લમ વિસ્તારમાં ઘર વપરાશ, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન માટે<br>નોંધ : સ્લમ શાખા ધ્વારા થયેલ સર્વે અન્વયે છેલ્લે ૨૭ પોકેટ નકકી થયેલ છે, તેટલા જ પોકેટના આસામીઓને ઉકત લાભ આપવાનો રહેશે. બાકી તમામને રેગ્યુલર ફીક્સ કનેકશનના બિલો ઈશ્યુ કરવાના રહેશે. | રૂા. ૪૦૦ | રૂા. ૬૦૦ | |

## કારખાના લાયસન્સ ફીમાં વધારો :

હૈયાત કારખાના લાયસન્સ ફીમાં ૧૦%નો વધારો સૂચવવામા આવેલ છે.

## સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ:

સફાઈ પાછળ વહન કરવાના થતા ખર્ચમાં કાયમી અને અવેજી કામદારોના પગાર ખર્ચ, ઘનકચરા નિકાલ ખર્ચ, વાહન ખર્ચ વિગેરેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. છેલ્લા બે વર્ષમાં સફાઈ પાછળ રેવન્યુ ખર્ચ જોઈએ તો સને. ૨૦૧૪–૧૫માં રૂા. ૪૪.૭૮ કરોડ અને સને. ૨૦૧૫–૧૬માં રૂા. ૫૩.૪૦ કરોડ થયેલ છે. જેની સામે સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જની આવક સને. ૨૦૧૪–૧૫માં રૂા. ૧.૨૫ કરોડ અને સને. ૨૦૧૫–૧૬માં રૂા. ૧.૩૮ કરોડ થયેલ છે. સને ૨૦૧૬–૧૭માં રીવાઈઝડ ખર્ચ રૂા. ૬૫.૨૪ કરોડ થવા જશે અને સને ૨૦૧૭–૧૮ માં ખર્ચ રૂા.૭૧.૦૭ કરોડ થવા જશે. આ આંકડા ઉપરથી જ ફલિત થાય છે કે, મહાનગરપાલિકાએ આ ચાર્જમાં વધારો સુચિત કરવો જોઈએ.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | (૧) રહેણાંક | રૂા.૧૦/– પ્રતિ માસ | રૂા.૧૫/– પ્રતિ માસ |
| | (૨) બિનરહેણાંક | રૂા.૧૦/– પ્રતિ માસ | રૂા.૨૦/– પ્રતિ માસ |
| | (૩) ઈન્ડસ્ટ્રીયલ | રૂા.૨૦/– પ્રતિ માસ | રૂા.૩૦/– પ્રતિ માસ |

**નોંધ :**
અત્યાર સુધી રહેણાંક / બિનરહેણાંક એકજ કેટેગરીમાં સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ વસુલવામાં આવતો માત્ર ઈન્ડસ્ટ્રીલય અલગ કેટેગરી દર્શાવેલ. હવેથી ઉપરોકત મુજબની ત્રણ કેટેગરીમાં વસુલવા દરખાસ્ત છે.

➢ **કરદરમાં સૂચવેલ ફેરફારો / વધારો મંજૂર થયેથી મ્યુનિ. આવકમાં અંદાજે નીચે મુજબ વધારાની આવક હેડવાઈઝ મળશે. તે મુજબ સને. ૨૦૧૭–૧૮ના આવકના અંદાજમાં ઉમેરવાની થશે.**

| ક્રમ | હેડ | અંદાજે વધારો |
|---|---|---|
| ૧. | પ્રોપર્ટી ટેકસ અને કર્ન્ઝવન્સી એન્ડ સીવરેજ ટેકસ | રૂા. ૪.૦૦ કરોડ |
| ૨. | વોટર ચાર્જ | રૂા. ૨.૦૦ કરોડ |
| ૩. | ભુગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ | રૂા. ૦.૨૦ કરોડ |
| ૪. | સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ | રૂા.૧.૦૦ કરોડ |
| | **કુલ** | **રૂા. ૭.૨૦ કરોડ** |

➢ **સૂચનો :**

(૧) ઈ–ગવર્નન્સ અંતર્ગત એફ.એ.એસ. મોડયુલ તૈયાર થઈ રહયું છે, જે માર્ચ–૨૦૧૭ અંતિત પૂર્ણ થવાનું હોય. આગામી સાલથી હાથ ધરવાના થતા તમામ કામોનો પ્રોજેકટ કોડ એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનો રહેશે. તમામ બજેટ એફ.એ.એસ. મોડયુલમાં લાઈવમાં મૂકવામાં આવેલ હોય, તમામ પ્રકારના બિલો મોડયુલમાંજ બનાવવાના રહેશે. જો બિલોમાં કોઈપણ સુધારો–વધારો કરવાનું ખાતાકીય લેવલે કે ઓડીટ લેવલે સૂચન થાય તો સૌપ્રથમ પ્રોજેકટ સુધારી અને ઓનલાઈન કમ્પ્યુટરમાં સુધારો કરવાનો રહેશે. મેન્યુઅલી સુધારો કરવાનો રહેશે નહીં. ઓડીટ શાખાએ પણ ઉકત મેન્યુઅલી સુધારો થયેલ હોય તેવા બિલો પાસ કરવાના રહેશે નહીં.

(૨) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશ્નરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૩) કોઈપણ કામના વર્ક ઓર્ડર આપતા પહેલા ગ્રાન્ટ ઉપલબ્ધી અંગેનુ એન.ઓ.સી. એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનું રહેશે.

(૪) તમામ શાખાઓએ લાગુ પડતા રાજય/કેન્દ્ર સરકારશ્રીના તમામ ટેકસીસ જેવા કે, સર્વિસ ટેક્સ, ઈન્કમ ટેક્સ, વેટ, ટી.સી.એસ., ભવિષ્યમાં લાગુ થનાર જી.એસ.ટી., લેબર શેષ વિગેરે ટેકસીસ શાખાએ ફરજીયાત ઉઘરાવવાના રહેશે. અન્યથા શાખા અધિકારી / કન્ટ્રોલીંગ અધિકારીની જવાબદારી રહેશે.

(૫) કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશનની પ્રથા છેલ્લા એક વર્ષથી અમલમાં મૂકેલ છે, પરંતુ કોઈપણ શાખા ધ્વારા મહાનગરપાલિકામાં કોન્ટ્રાકટર કે વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવામાં આવતુ નથી. મહાનગરપાલિકા ધ્વારા કોન્ટ્રાકટર / વેન્ડર રજીસ્ટ્રેશન ઓનલાઈન મૂકવામા આવેલ છે. દરેક કોન્ટ્રાકટર / વેન્ડર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ જ કોન્ટ્રાકટર / વેન્ડરનું લેજર એકાઉન્ટમાં ખોલવામાં આવશે.

(૬) એમ્પ્લોઈ પ્રોવિડંટ ફંડ એન્ડ મીસેલીનીયસ એકટ ૧૯૫૨ અનુસાર પ્રિન્સીપલ એમ્પલોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોની ઈ.પી.એફ. કોમ્પ્લાયન્સની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહે છે. આથી તમામ બ્રાન્ચ અધિકારીએ કોન્ટ્રાકટરના કામદારોની વેતન ચૂકવણી અને ઈ.પી.એફ. કોમ્પલાયન્સ ફરજીયાતપણે ચેક કરવાના રહેશે. આ બાબતે જણાયેલ ક્ષતિ અને ભવિષ્યે થતી જવાબદારી જામનગર મહાનગરપાલિકા ભોગવશે નહી અને જે તે બ્રાન્ચ અધિકારીની નિયત કરવામાં આવશે.

(૭) રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોનું ચુકવણુ ઓનલાઈન કરવાનુ ફરજીયાત બનાવેલ હોય, આવા રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોમાં પાર્ટીનું પુરૂ નામ(બેંક ખાતામાં દર્શાવેલ હોય તે મુજબ), પાન કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર (પુરા ડીઝીટમાં), આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર કોડ, બેંકનું નામ તથા બ્રાન્ચની વિગતો સ્પષ્ટ પૂરી પાડવાની રહેશે. અન્યથા આવા બિલોનું ચૂકવણુ કરવામાં આવશે નહીં.

(૮) આવક કરતી તમામ શાખાએ નિયત થયેલ બજેટ કોડ અને એકાઉન્ટ કોડ ઉપર જ પહોંચ કઢાવવાની રહેશે. જો આ બાબતે કોઈ વિસંગતતા જણાય તો એકાઉન્ટ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

(૯) જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ બજેટ માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૧૦) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે બજેટમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **સને.૨૦૧૭–૨૦૧૮નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજૂ કરૂ છું.

**જામનગર.**
**તા.: ૩૧/૦૧/૨૦૧૭**

**(આર. બી. બારડ)**
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા